# પંચદેવ મંદિરે ૪૫ વર્ષ બાદ જન્માષ્ટમીનો લોકમેળો નહીં યોજાય

**કલાકારોને સ્ટેજ પુરુ પાડવા સહીત કલાત્મક ચીજવસ્તુઓનુ વેચાણ પણ લોકમેળાનુ આકર્ષણ : બાળકોને નાના રમકડા ખરીદવાનો અનોખો આનંદ મોંઘદાટ મોલ અને મોટી દુકાનો પણ ફીકી લાગે**

ગાંધીનગર તા ૧૦

લોકમેળો પ્રાકૃતિક છે. જો કે હાલ તો માણસોએ પ્રકૃતિ માતાને ગાયની માફક દોહી તો લીધી જ છે. પણ પ્રકૃતિના આંતરડા પણ બહાર કાઢી નાખ્યા છે..ત્યારે કોરોના સમજાવવા આવ્યો તવંગર.. હોય કે ગરીબ..એક સાથે એક ભુમિમાં તડકા કે વરસાદમાં વિશિષ્ટ સગવડ વિના મેળાપ કરે છે. જયારે આ લોકમેળામાં કલાકારોને પોતાની કલા રજુ કરવાનુ મંચ પણ મળે છે. આ ઠેકાણે કલાત્મક ચીજવસ્તુઓનુ વેચાણ પણ થાય છે.



**બધાને એકસમાન ગણવાની ભાવના શીખવતો લોકમેળો પ્રાકૃતિક : તહેવારોને નિમિત્ત બનાવી ઉજવાતા લોકમેળા સતકાર્ય અને ભકિત સમાન :જન્માષ્ટમી , શિવરાત્રી જેવા તહેવારોમના મેળામાં જવાનો ઉત્સાહ બિન્દાસ્ત હરવુ , ફરવુ ,મળવુ અને ઘરે આવવુ એ પણ અનહદ આનંદ આપતો અનુભવ : ફુલશંકર શાસ્ત્રી**

છે. બધાને એકસમાન ગણવાની ભાવના શીખવતો લોકમેળો તહેવારોને નિમિત્ત બનાવીને થતુ સતકાર્ય અને ભકિત સમાન છે. ધર્મ કલા અને સંસ્કૃતિના પ્રતિક સમાન લોકમેળાનુ આયોજન પણ આ કોરોના કાળમાં થઈ શકશે નહીં તેમ જણાંવતા પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ ઉમેર્યુ હતુ કે ૪૫ વર્ષ બાદ જન્માષ્ટમીના આ લોકમેળાનુ આયોજન કરવામાં આવશે નહીં. પ્રાકૃતિક મેળાના આ અવસરને નિખારવા હવે આપણે ઘણુ શીખવાનુ પણ છે.

પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીના જણાંવ્યા મુજબ નગરના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરમાં તા ૨ જુન વર્ષ ૧૯૭૨ ના રોજ મુર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જયારે દિવસે ને દિવસે સે-૨૨ સ્થિત આ પંચદેવ મંદિર શ્રધ્ધાળુઓની આસ્થાનુ કેન્દ્ર સ્થાન બનતા રોજબરોજ દર્શને આવતા ભાવિકોની સંખ્યા વધતી ગઈ. ત્યારબાદ પ્રત્યેક તહેવારોની ઉજવણી પણ પંચદેવ મંદિર ખાતે વિશિષ્ટ રીતે કરવામાં આવતી હતી આજે પણ દર શિવરાત્રી તેમજ જન્માષ્ટમી સહીતના ધાર્મિક તહેવારોમાં વિશેષ પુજા અર્ચના સહીત લોકમેળાનુ પણ આયોજન કરવામાં આવે છે. લોકમેળા અંગેની રસપ્રદ વાત રજુ કરતા ફુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યુ હતુ કે લોકમેળો પ્રાકૃતિક છે. જેમાંથી બધાને એકસમાન ગણવાની ભાવના શીખવા મળે છે. લોકમેળોએ એવી જગ્યા બની રહે છે કે જયાં સમાજના પ્રત્યેક માણસ કોઈપણ જાતના ભેદવિના એકબીજાને મળે છે... મેળામાંથી ખરીદેલા નાના રમકડા ખરીદવામાં બાળકને જે આનંદ આવે છે તે મોંઘાદાટ મોલ કે દુકાનમાં પણ મળતો નથી. જયારે લોકમેળામાં બિન્દાસ્ત હરવુ, ફરવુ અને મળવુ અને ઘરે આવવુ અલૌકિક આનંદની વાત છે. જેની સામે રંગમંચ કે આધુનિક થિયેટરો પણ કૃત્રિમ અને આકર્ષણ વિહોણાં લાગે છે. જન્માષ્ટમી અને શિવરાત્રી જેવા તહેવારોને નિમિત્ત બનાવીને થતા આ સતકાર્યમાં ભકિતનો અનોખો સમન્વય જોવા મળે છે. કુંભનો મેળો પણ આ વાતનુ ઉત્તમ ઉદાહરણ છે. હીન્દુ ધર્મના પ્રશ્નોનો નિકાલ પણ કુંભના મેળામાં થતો હતો. દર ત્રણ વર્ષે અર્ધકુંભી મેળાનુ આયોજન પણ વિશ્વની આઠમી અજાયબી સમાન છે. શાસ્ત્રીજીએ વધુમાં જણાંવ્યુ હતુ કે સે-૨૨ પંચદેવ મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ વર્ષ ૧૯૭૪-૭૫ દરમિયાન સ્વયંભુ રીતે જ આ સ્થળે લોકમેળાનુ આયોજન કરવાની શરૂઆત થઈ હતી. તેવા સમયે જિલ્લાના પ્રત્યેક ગામોમાં પણ મંદિરો હતા જયારે વાસણીયા મહાદેવ મંદિર અને ધોળેશ્વર મંદિર પાસે પણ લોકમેળાનુ આયોજન કરવામાં આવતુ હતુ. જયારે પંચદેવ મંદિરે પણ પ્રથમ નાના સ્વરૂપે ત્યારબાદ વિશેષ રીતે મેળાનુ આયોજન કરવામાં આવતુ હતુ જયારે હવે છેલ્લા એક દાયકાથી પંચદેવ મંદિરે લોકમેળાનુ બૃહતસ્વરૂપ જોવા મળે છે. આ દેવત્વનુ સત છે. છેલ્લા ૪૨ વર્ષમાં સર્વ પ્રથમવાર આ વર્ષે જન્માષ્ટમીના મેળાનુ આયોજન કરવામાં આવશે નહીં.

● અનુસંધાન પાન-૬ પર




વિશ્વની સૌથી જૂની સભ્યતા તરીકે જેને ઓળખવામાં આવે છે તે ભારતીય ઉપખંડ જેને ભારત, હિન્દુસ્તાન એને ઈન્ડિયા જેવા નામોથી સંબોધવામાં આવે છે. ભારતે ઘણા વિદેશી આક્રમણો અને શાસનકર્તાઓને સહ્યા છે અને તેમનાથી મુકિત પણ મેળવી છે છેલ્લે આધુનિક ભારતને ૧૯૪૭માં અંગ્રેજોના ૨૦૦ વર્ષથી વધુના લાંબા શાસનમાંથી ૧૫મી ઓગસ્ટના દિવસે સ્વતંત્રતા મળી હતી અને આપણાં આ સ્વાતંત્ર્ય દિવસને દર વર્ષે આપણે ગૌરવભેર ઉજવીએ છીએ. આ રાષ્ટ્રીય પર્વના દિવસે સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા સ્વતંત્રતાને ટકાવવા બલિદાન આપનારા શહીદ જવાનોને યાદ કરીને શ્રધ્ધાંજલિ પાઠવીએ છીએ. આ વર્ષે ગુજરાત સરકાર રાજયકક્ષાનો સ્વતંત્રતા દિવસ ગાંધીનગર ખાતે ઉજવવા જઈ રહી છે જેની સેન્ટ્રલ વિસ્ટામાં સ્વર્ણિમ પાર્ક ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૮ કેસ

**કુડાસણમાંથી પાંચ કેસ સાથે ગાંધીનગર તાલુકામાંથી ૧૦ કેસ મળ્યા : માણસામાં બે અને કલોલમાં ૬ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના ૧૮ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ ઘટતુ ન હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

આજે ગાંધીનગર તાલુકામાં ૧૦ કેસ, માણસામાં બે કેસ તેમજ કલોલમાં વધુ ૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર તાલુકામાં હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી આજે એક સાથે પાંચ કેસ કોરોનાના નોંધાતા તંત્રની ચિંતા વધવા પામી છે. કુડાસણ અને તેની આસપાસના ગામોમાં સઘન સર્વેલન્સની કડક તાકીદ કરવામાં

● અનુસંધાન પાન-૬ પર

## ચાર દિવસમાં ૧૬૩ દર્દીઓ રિકવર થયા

**જિલ્લામાં આજે ૨૩ કેસ નોંધાયા પણ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓ ૩૫**

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોના મુક્ત થયેલા દર્દીઓની સંખ્યા વધુ છે. શહેરમાં અને જિલ્લામાં થઈ આજે કોરોનાના ૨૩ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના મુક્ત થયેલા દર્દીઓની સંખ્યા ૩૫ છે. જેમાં ૨૫ ગ્રામ્ય વિસ્તારના છે અને શહેરના ૧૦ દર્દીઓ છે. શહેર અને જિલ્લામાં રિકવરી રેટ સારો છે. જિલ્લામાં હાલ ૨૯૦ જેટલા કોરોનાના દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૧૮૫ અને ગાંધીનગર શહેરના ૧૦૫ કેસોનો સમાવેશ થાય છે. જિલ્લામાં છેલ્લા ચાર જ દિવસમાં ૧૧૮ ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. જ્યારે ગાંધીનગર શહેરના ૪૫ દર્દીઓને છેલ્લા ૪ દિવસમાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# શહેરમાં કોરોનાના પાંચ કેસ ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત

**પ્રાઈવેટ કોન્ટ્રાક્ટર, એડવોકેટ, પ્રોફેસર તેમજ શેરબજારનો ધંધાર્થી કોરોનાની ઝપટમાં : સે. ૨૬, ૧૪, ૪, ૬ અને ૭ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝીટીવના પાંચ જ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૫૭૩ પર પહોંચી છે.

શહેરમાં આજે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ૭૪ વર્ષીય મહિલાનું સારવાર દરમ્યાન મોત થતાં શહેરમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૨૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દી છેલ્લા ચારેક દિવસથી સારવાર હેઠળ હતી. આજે સાંજના સુમારે આ મહિલા દર્દીએ તેના અંતિમ શ્વાસ લીધા હતા.

ગાંધીનગર શહેરમાં એક સપ્તાહ બાદ સારવાર પરના દર્દીનું મોત થયુ છે. આજે આ મોતને પગલે તંત્રમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યામાં આજે થોડોક ઘટાડો જણાતાં તંત્રએ પણ રાહતની લાગણી અનુભવી હતી. ગાંધીનગર શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો તંત્ર દાવો કરી રહેલ છે.

શહેરમાં આજે પ્રાઈવેટ કોન્ટ્રાક્ટર, પ્રાઈવેટ એન્જી. કોલેજના પ્રોફેસર, એડવોકેટ તેમજ શેરબજારનો ધંધો કરતા એક પુરૂષ કોરોનાની ઝપટમાં આવ્યા છે.

આજે નોંધાયેલા કેસો સે. ૨૬, ૧૪, ૪, ૬ અને ૭ માંથી મળ્યા છે. જેમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે પ્રાયવેટ કન્ટ્રક્શનનો ધંધો કરતા અને સે. ૨૬ માં રહેતા ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૬ પર



ગાંધીનગર ખૂબ સોહામણું શહેર છે અને આ શહેરની સુંદરતા દરેક પ્રકારની મૌસમમાં અનેરી ખિલી ઉઠે છે. અત્યારે જયારે આકાશમાંથી શ્રાવણના સરવરિયા વરસી રહ્યાં છે જેના કારણે શહેરમાં પાણીના ઝરણાં સાબરમતીમાં ભળવાં વહી જતા હોય તેવાં સુંદર દશ્યો જોવા મળી રહ્યા છે. શહેરનું આ સૌંદર્ય પર્યટકોને આકર્ષે તેવું નયનરમ્ય ભાસી રહ્યું છે.

# માર્ગો પર અંધારપટ્ટ : આસપાસ ગાબડા વચાળે માટીના ઢગ અને તોતિંગ ભુંગળા

**ઘરની બહાર નિકળો તો કોરોના પહેલા આ તોતિંગ ભુંગળા ભરખી જાય તેવી ભયજનક સ્થિતિ : વરસતા વરસાદમાં અંધારપટ્ટ વચ્ચે સેકટરોના રીંગ રોડ આસપાસ મોટા ગાબડા કોર્પોરેશને માર્ગ વચાળે માટીના ઢગ કરી માર્ગ વચાળે જ તોતિંગ ગાબડા ખડકી દીધા**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી મામલે કોર્પારેશને માનવતા નેવે મુકી છે. વરસતા વરસાદ વચ્ચે સેકટરોમાં અંધારપટ્ટ છવાયેલો છે. સેકટરોના રીંગ રોડ આસપાસ કોર્પોરેશને સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીને અનુલક્ષી બેફામ ખોદકામ કરવાનુ હજુ જારી રાખ્યુ છે. જયારે હવે તો ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ તો દુરની વાત પણ માટીના ઢગ પણ સાંકડા રીંગ રોડ વચાળે ખડકી દેવાય છે. એટલુ જ નહી તોતિંગ ભુંગળા પણ માર્ગ વચાળે મુકીને વરસાદી દિવસોમાં વાહનચાલકો માટે અત્યંત જોખમી બન્યા છે. કોર્પોરેશનના એક પણ અધિકારીઓ સ્થળ મુલાકાત લઈને જોખમી સ્થિતિ નિવારવા માટેની તસ્દી પણ લેતા નથી.

શહેરના સેકટરોમાં વરસાદી ઋતુ દરમિયાન ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ પેચીદી બની છે. આવા સંજોગોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન માટે પણ તંત્રએ હજુ બેફામ રીતે ખોદકામ ચાલુ રાખતા સેકટરોમાં ઘર આંગણે જ જોખમી સ્થિતિ સર્જાઈ છે. સેકટરોના રીંગ રોડ પર વરસતા વરસાદ વચ્ચે એકબાજુ સ્ટ્રીટ લાઈટો પણ બંધ છે ત્યારે રસ્તાની આજબાજુમાં ખોદાયેલા ખાડાઓ અને માર્ગ વચાળે માટીના ઢગ વચ્ચે તોતિંગ ભુંગળાઓ ખડકી દેવાતા માર્ગ સલામતી જોખમાઈ છે. સેકટરોના આંતરિક માર્ગો પર વરસતા વરસાદ વચ્ચે રાહદારીઓને દીશા સુઝતી નથી. સે-૩ સીના રીંગ રોડ ઉપર પણ આવા જ જોખમી દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરવાસીઓ કોર્પોરશનની આ કાર્યપધ્ધતિથી તોબા પોકારી ગયા છે. સ્ટોર્મ વોટર લાઈન માટે ખોદકામ કરીને વરસતા વરસાદમાં માર્ગ વચાળે માટીના ઢગ ખડકી દેવાયા છે. એટલુ જ નહી પરંતુ તોતિંગ ભુંગળા પણ માર્ગ વચાળે મુકી દેવાયા છે. ત્યારે મેયર સહીત સેકટરોના નગર સેવકો પણ આ મામલે નાગરિકોની સલામતી મામલે બેધ્યાન છે. શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી પુરી થશે ત્યારે પરંતુ ત્યાં સુધી નાગરિકોની સલામતી સામે મોટુ જોખમ છે. સ્માર્ટ સીટીની વાતો વચ્ચે તંત્રના અધિકારીઓએ સ્માર્ટ કાર્યપધ્ધિત પણ અપનાવી પડશે. વરસાદી સિઝનમાં આમપણ સેકટરો દુવિધાઓથી ઘેરાયેલા છે. ત્યારે કોરોના કાળમાં આમ પણ જનજીવન ઘેરી ચિંતામાં છે આવા સંજોગોમાં નગરના જાહેર માર્ગો વચાળે નિતી નિયમો નેવે મુકીને આમ નાગરિકોની સલામતી જોખમમાં મુકતા કોર્પોરેશનના તંત્ર સામે નાગરિકો હવે ઉગ્ર લડત આપવાના મુડમાં છે.

# આજથી માસ્ક નહીં પહેર્યું હોય તો ૧૦૦૦નો દંડ થશે

**કોરોના સામે સાવચેતીના પગલા હવે વધુ કડક : જન્માષ્ટમી સહિત તહેવારોમાં બહાર નીકળીને ભીડભાડ ન કરવા અપીલ : સંક્રમણ ભીડભાડથી ફેલાતું હોય છે**

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં કોરોના કેસની કુલ સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે, ત્યારે આ માસ્કને લઈને અનલોક-૧ દરમિયાન રાજ્ય સરકારે ૨૦૦ રૂપિયા દંડ જાહેર કર્યો હતો, ત્યારબાદ ૨૦૦ રૂપિયા દંડથી વધારેના ૫૦૦ રૂપિયા દંડ કર્યો હતો, પરંતુ આજે હાઈકોર્ટની ટકોર બાદ રાજ્ય સરકારે માસ્ક વગર ફરનારા લોકો પાસેથી ૧૦૦૦ રૂપિયા દંડ વસૂલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના ધ્યાનમાં લઈને રાજ્ય સરકાર હવે રાજ્યમાં માત્ર વગર ભરનારાઓની પાસેથી એક હજાર રૂપિયાનો દંડ વસૂલ કરશે.વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના નામદાર હાઈકોર્ટે આપેલા ચુકાદાનો રાજ્યમાં આવતીકાલથી એટલે કે ૧૧મી ઓગસ્ટ મંગળવારથી સમગ્ર રાજ્યમાં જાહેરમાં માસ્કના પહેરનારા વ્યક્તિઓને એક હજાર રૂપિયાનો દંડ કરવામાં આવશે. આ સાથે જ રાજ્યના નાગરિકોને અપીલ કરતા સીએમ રૂપાણીએ જણાવ્યું હતું કે, આગામી જન્માષ્ટમી સહિતના તહેવારોમાં બહાર



નીકળીને ભીડભાડ ન કરે, કારણ કે કોરોના સંક્રમણ આવી ભીડભાડથી વ્યાપક ફેલાય છે. આમ, સંક્રમણને અટકાવવા સૌ નાગરિકો ઘરમાં જ રહે અને ઘરમાં રહીને તહેવારોની ઉજવણી કરે તેવી પણ અપીલ રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણી કરી હતી. હવે આ માસ્કનો પહેરનારા લોકો પાસેથી એક હજાર રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવશે. જે ૧૧ ઓગસ્ટ મંગળવારે સમગ્ર રાજ્યમાં લાગૂ કરવામાં આવશે.

## ભાદરવી પૂનમના મહામેળાને પગલે અંબાજી મંદિર અને ગબ્બર દર્શન ૨૪ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર બંધ રહેશે



પાલનપુર, તા.૧૦

ભાદરવી પૂનમના મહામેળાને અનુલક્ષીને અંબાજી મંદિર અને ગબ્બર દર્શન ૨૪ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર એમ ૧૨ દિવસ બંધ રહેશે એવી જાહેરાત સંસ્થાના ચેરમેન અને કલેક્ટર સંગીત સાગલેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

પાલનપુર ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સેવા કેમ્પ, પદયાત્રા સંઘો અને શોભાયાત્રા જેવી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવાનો હુકમ કરાયો છે. લાખો લોકોની ભીડના કારણે કોરોનાનું સંક્રમણ વધવાની શક્યતા અનુસંધાને ગબ્બર દર્શન સહિત યજ્ઞ દર્શન અને ધાર્મિક પુજા-પાઠ કે ધજા ચડાવવા જેવી તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે, ૧૪૦૦ જેટલા રજીસ્ટર્ડ ભાદરવીયા પૂનમીયા સંઘોને ધજા પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેની તેમને જાણ કરાશે. દરેક સંઘ પોતાનો રથ અને ગામના મંદિર પર ધાર્મિક વિધિ સાથે ધજા ચડાવે એવી અપીલ પણ કરાઈ છે.

સાત દિવસ દરમિયાન વિશ્વ કલ્યાણ અર્થે મંદિર સંકુલમાં શાસ્ત્રોક વિધિ-વિધાન સાથે યજ્ઞ કરાવવામાં આવશે અને તેની ઓનલાઈન યજ્ઞ દર્શનની વ્યવસ્થા પણ ગોઠવાશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com